# શ્રી ભાનુરાય ત્રીકમલાલ શાહ



**જન્મ :**
**તા. ૨૯-૧૧-૧૯૫૪, સંવત ૨૦૧૧**
**માગસર સુદ ૪, સોમવાર**

**દેહવિલય:**
**તા. ૨૫-૫-૨૦૦૦, સંવત ૨૦૫૬**
**વૈશાખ વદ ૭, ગુરૂવાર**

## "સમ્યક-દર્શનની પ્રાપ્તી માટે સમ્યક સમજણ"

૧. શ્રી ઈષ્ટદેવની અનન્ય ભાવે - નિષ્કામ ભક્તિ-સાધનાં
૨. શ્રી શાસ્ત્રો જ્ઞાનમાં અનન્ય અને નિશંક શ્રધ્ધા.
૩. શ્રી શાસ્ત્રોનાં જ્ઞાન સ્વરૂપી આત્મસાક્ષાત્કારી - આત્માનુભવિની અતિ-અતિ અત્યંત્ય ભક્તિભાવે વંદના.
૪. શ્રી શાસ્ત્રોનાં જ્ઞાનનો અત્યંત્ય ભક્તિ-ભાવે તન-મન-ધનથી પ્રચાર-પ્રસાર અને પ્રભાવિક પ્રકાશ.
૫. માતા-પિતાની અત્યંત્ય ઉલ્લાસીત ભાવે સેવા ભક્તિ અને માનવ માત્રની આદરભાવે - ઉપકારી ભાવની - ભાવનાએ

બાળજીવને અલ્પ સમયમાં - કે અલ્પભવોમાં સમ્યક-દર્શનની પ્રાપ્તીનો યોગ-અવસરનાં જોગ પ્રાપ્ત થાય છે. "શ્રી શાસ્ત્ર સિધ્ધાંતે - જ્ઞાન પ્રમાણે".

સમ્યક-દર્શનનાં ગુણ-લક્ષણોની વિચારણાં આગળનાં જ્ઞાન-સ્વભાવ લેખમાળાનાં સત્યાંશ ૨૨માં કરી છે. અને વિશેષ વિચારણાં યોગે કરીને વિચારશું.

રમેશ વેજાણી

"સદ્‌ગુરૂ વગર - સ્વરૂપનાં - સ્વરૂપની - સ્વરૂપતાં સ્વિકારવી - સ્વરૂપી બનવું સંભવ નથી" "અને" સંભાવનાં વગર અભવિ થવું સંભવતું નથી. "એજ" સાંભળવાં યોગ્ય છે - સંભારવાં યોગ્ય છે. "અને" સંભાળવાં યોગ્ય છે.

પાંચમાં આરામાં - જ્યારે કેવળજ્ઞાનનો નિષેધ કહ્યો છે, ત્યારે પરમકૃપાળું પરમાત્માએ પણ સમ્યક્દર્શન - સમકિતનાં જ ગુણ કહ્યાં છે, સમકિતને જ વખાણ્યું છે. પાંચમાં આરામાં જ્યારે આંગળીનાં વેઢે ગણી શકાય તેટલાં જ સમકિતી જીવો કહ્યાં છે, તેવાં દુષમ કાળમાં આત્મસાક્ષાત્કારી શ્રી સદ્‌ગુરૂ સંતે શ્રી મહાવીર સ્વામી ભગવાનને માથે રાખીને તથા શાસનદેવીનાં સાક્ષીભાવે અને અસત્ય હોય તો મહામિથ્યાત્વીનો દોષ સ્વિકારીને શ્રી ભાનુભાઈને એક સમકિતી તરીકે ઓળખ આપી તો તે જીવ પણ નિઃશંકપણે પ્રાતઃસ્મરણીય બને છે. આવા સમકિતી જીવ શ્રી ભાનુભાઈનાં અલ્પભવોમાંથી એક ભવ પૂર્ણ થયાને એક વર્ષ વીતી ગયું છતાં જેની સુગંધ હજુ પણ અનુભવી રહ્યાં છીએ. જેની યાદ એક પળ પણ વિસરી શકાતી નથી તેમનાં વિષે તેમનાં જીવનનાં પ્રેરણાદાયક પ્રસંગો વિષે ગમે તેટલું લખીએ તો પણ તેમની શ્રધ્ધાને-ભક્તિને ક્યારેય ઉચિત ન્યાય ન જ આપ્યો ગણાય. જેનાં ગુણો પૂજ્ય શ્રી સદ્‌ગુરૂ-સંત જ ગાતા હોય તેનાં માટે અમો બાળજીવ શું લખી શકીએ ?

જેમની સાથે રહેવાનું - જેમની સાથે બેસવાનું - જેમની સાથે કાર્ય કરવાનું, સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, તેનાં જીવનનાં અમુલ્ય પ્રસંગો જો ન વર્ણવીએ તો નિગુર્ણી જ ગણાઈએ.

શ્રી ભાનુભાઈએ જીવનમાં આરાધ્યા-શ્રધ્યા કે સંપૂર્ણ સમર્પિત થયાં તે સુર્યદેવ સમ આત્મસાક્ષાત્કારી સદ્‌ગુરૂ-સંતને. શ્રી ભાનુભાઈ ખુદ સહનશીલતાની ચરમસીમા પર બેસી સાથેનાં જીવ માત્રને ઉપયોગી બન્યાં. ક્યારેય ભેદ-ભાવ નહીં. સર્વ જીવો માટે ઉપયોગી થવું એજ જેમનો જીવનમંત્ર. જેમની હાજરીમાં અબાલવૃધ્ધ સર્વે સંપૂર્ણ નિર્ભય. પછી ઘરનાં વડીલ હોય કે સત્સંગનાં બાળજીવો હોય. શ્રી ભાનુભાઈ પાસે સર્વે હળવાં હૈયે વાતો કરી શકે, તેમની વાતોને હ્રદયમાં સમાવી તેમનું કામ અચૂકપણે કરી આપે. પૂર્ણ પરોપકાર વૃતિ જેમનાં જીવનમાં વણાયેલી તેવાં શ્રી ભાનુભાઈએ ક્યારેય પોતાનું કાર્ય કોઈને સોંપ્યું હોય એવું સાંભળ્યું નથી - શ્રી ભાનુભાઈની આ વાતો હવે તેમની ગેરહાજરીએ તેમનાં વખાણ માટે નહીં પણ અમારી જેવાં બાળજીવો માટે જે ઉપકાર કર્યો છે, તે ઉતારવાનાં એક ભાવ સાથે લખ્યા વગર રહેવાય નહીં.

સત્સંગમાંથી પૂ. શ્રી ગુરૂદેવ સાથે અનુભવયાત્રામાં અવારનવાર જવાનું થાય. પૂ. શ્રી ગુરૂદેવ, શ્રી ભાનુભાઈને ફક્ત ઈશારો કરે અને શ્રી ભાનુભાઈ યાત્રા આયોજનની તૈયારી કરે. જીવમાત્રની જરૂરિયાતનો સૂક્ષ્મ ખ્યાલ સાથે તૈયારી હોય - ક્યારેય પુછવાંપણું નહીં. શ્રી ભાનુભાઈ આવનાર જીવને સાધારણ પણ તકલીફ ન પડે તે માટે બે-બે કલાક લાઈનમાં ઉભા રહીને પણ વ્યવસ્થા કરે - ક્યારેય શ્રી સાહેબની સાથે જ રહેવાનો વિચાર નહીં. છતાં સદા શ્રી સાહેબનાં હ્રદયમાં રહ્યાં. આ અનુભવયાત્રા દરમિયાન બાળકો સંપૂર્ણ નિર્ભયતાંથી શ્રી ભાનુકાકા પાસે સઘળું માંગી શકતાં. અને તેઓને સઘળું વિશેષ મળતું. દરેક સત્સંગીની સંપૂર્ણ સેવા કર્યા બાદ જ પોતાને શાંતિ. તેમની સતત હાજરી શ્રી સાહેબની સાથે અનુભવાય છે.

પૂ. શ્રી ગુરૂદેવનાં સાન્નિધ્યમાં એક મિત્ર બનીને આવ્યાં. અને સમયે-સમયે પૂ. શ્રી ગુરૂદેવની ઉત્ક્રાંતીને નિહાળી પોતાની જાતને ધન્ય બનાવી. એક અનન્ય શ્રધ્ધા - ભક્તિભાવથી પૂ. શ્રી ગુરૂદેવનાં ચરણકમળમાં (હ્રદયકમળમાં) સંપૂર્ણ સમર્પિત ભાવે એક બાળક બનીને રહ્યાં.

## "મોક્ષ ફળ છે; તો સમ્યક-દર્શન એનું બીજ છે"

આ ભવે કરો - આવતાં ભવે કરો કે અનંત ભવે કરો - આ ક્ષેત્રથી કરો - કે અન્ય ક્ષેત્રથી કરો - કરવાની છે એક માત્ર સમ્યક દર્શનની પ્રાપ્તી, કારણ કે સમ્યગ દર્શનની પ્રાપ્તીનું ફળ- જ મોક્ષ છે.

"માટે"

બાળજીવે જ્યારે પણ મોક્ષમાં જવું હશે ત્યારે તેણે આગળનાં ભવોમાં સમ્યગ-દર્શનની પ્રાપ્તી કરવી જ પડશે.

સમ્યક-દર્શનની પ્રાપ્તી વગર પૂર્વમાં કોઈ જીવ મોક્ષમાં ગયા નથી - વર્તમાનમાં જતાં નથી - અને ભવિષ્ય-કાળમાં જશે નહીં "એજ" મોક્ષ સિધ્ધાંત છે અને - એમાંજ બાળજીવની મુક્તિ છે.

"માટે"

શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન બાળજીવો માટે - જ્ઞાન આજ્ઞા - ફરમાવે છે. કે બાળજીવે માનવભવમાં કશું કરવાનું હોય ! કશુંક પ્રાપ્ત કરવાનું હોય, તો તે છે; એક-માત્ર સમ્યક-દર્શનની પ્રાપ્તી. કે જેનાં ફળે અને બળે બાળજીવ સહજતાંએ મોક્ષને પામે છે. "દેહ અને આત્માની ભિન્નતાં અનુભવવાં માટે" આત્માનુભવિ - આત્મસાક્ષાત્કારીનાં આશ્રયે જવું અને રહેવું અને "તેમની આજ્ઞા "એજ" ધર્મ અને તે આજ્ઞામાં રહેવું - ટકવું - પુરુષાર્થ કરવો એજ તપ".

રમેશ વેજાણી

પૂજ્ય શ્રી ગુરૂદેવનાં નિકટનાં સત્સંગી - જેમનું સ્થાન શ્રી ગુરૂદેવનાં હ્રદયમાં સતત રહેતું હોવા છતાં ક્યારેય સત્સંગમાં કે ગુરૂદેવની ભક્તિમાં આગળ બેસવાનો આગ્રહ નહીં તેમજ અધિકાર પણ કર્યો નહીં, તેમજ ક્યારેય આગળ બેસનારનો દ્વેષ-દુર્ભાવ નહીં - ફક્ત આદર જ હોય. શું શ્રી ભાનુભાઈની મહાનતાં કે શું અમાનીપણું ? ક્યારેય કોઈ જીવ પ્રત્યે શ્રી ભાનુભાઈ નારાજ નથી જોયા.

પતિભક્તિ કેવી ? શ્રી ભાનુભાઈએ ક્યારેય પતિ સાથે અધિકારપૂર્વકનો વ્યવહાર કર્યો નથી - સદા મિત્ર - સદા એક ઉપકારી ભાવ - જે પતિની ભક્તિ પૂ. શ્રી ગુરૂદેવ વખાણતાં. કેવી હશે એ નિષ્કામ-સમભાવે ભક્તિ. અંગત જીવનમાં પણ શ્રી ભાનુભાઈ દરેકનાં રાહબર જ બન્યાં છે. ક્યારેય કોઈ જીવ પાસેથી કોઈ અપેક્ષા નહીં. છતાં જીવમાત્રનું કાર્ય અચૂક થવું જ જોઈએ એવો સ્વભાવ. જીવનમાં ચડતી-પડતી અનેકવાર આવી પણ ક્યારેય કોઈ જીવને દોષ નહીં. દોષ પોતાનો જ - ક્યારેય કોઈની પર ક્રોધ નહીં - ક્યારેય પોતાની ચિંતા - પોતાની તકલીફ જણાવવી નહીં એજ સ્વભાવ - પોતાનું અહિત કરનાર પર ક્યારેય નારાજ નહીં. કેવી હશે એ નિર્મળતાં?

હવે શ્રી ભાનુભાઈનાં જીવનમાંથી એક આ જ મંત્ર લઈએ કે પૂ. શ્રી ગુરૂદેવની પ્રસન્નતાંમાં કાંઈ પણ મંદતાનાં નિમિત્ત ન બનીએ - તેમની પ્રસન્નતાં એજ પુરૂષાર્થ બને. શ્રી ભાનુભાઈએ યથાર્થપણે પૂ. શ્રી ગુરૂદેવને ઓળખી-આરાધી-શ્રધ્ધીને તેમની પ્રસન્નતાંમાં જ પોતાની સર્વ ભક્તિને સમાવી નવધા ભક્તિનાં શિખર પર પહોંચી ગયા. શ્રી ભાનુભાઈએ જે દ્રષ્ટિની સ્થિરતાંએ શ્રી સદ્‌ગુરૂ-સંતને આરાધ્યા - જેમનાં ઉપકારો પૂ. શ્રી સદ્‌ગુરૂ પણ વિસારી શકતાં નથી. જેમનાં ગુણો ગાતા એક શ્રી સદ્‌ગુરૂ થાકે નહીં એવાં આત્મોપાસક, શ્રી સદ્‌ગુરૂનાં શરણમાં સમર્પિતભાવે સદા શ્રી સદ્‌ગુરૂની પ્રસન્નતાંમાં જ પોતાનો સઘળો પુરુષાર્થ માનનાર - એવાં કર્મવીર શ્રી ભાનુભાઈને શ્રધ્ધાંજલી આપવી જ હોય તો એક જ આપી શકાય કે હે પરમાત્મા સ્વરૂપ શ્રી સદ્‌ગુરૂ-સંત અમને રોજ સવારે શ્રી ભાનુભાઈનો એક ગુણ ખિલવવાની શક્તિ આપો. એજ શ્રી ભાનુભાઈની યાદમાં - સ્મરણમાં એક ભાવાંજલી.

શ્રી ભાનુભાઈનાં જેવી બાળકબુધ્ધિ-નિર્મળબુધ્ધિ બનાવી, પૂ. શ્રી સદ્‌ગુરૂ-સંતનાં ચરણકમળમાં સ્થાન પામીએ એવો પુરૂષાર્થ એજ એમને યથાર્થ શ્રધ્ધાંજલી-ભાવાંજલી-ઉપકારી ભાવે વંદનાં.

***જ્યારે સ્વ-જન, આપ્ત-જન, આપ્ત પુરૂષ બનવાની યોગ્યતાં પ્રાપ્ત કરે છે, ત્યારે - તે સર્વશ્રેષ્ઠ જીવાત્મા થકી સ્વજનો - આપ્તજનો - સ્નેહીઓ - સહયોગીઓ - સત્સંગીઓ - શ્રેષ્ઠ બનવા માટે - સર્વશ્રેષ્ઠપણું પામવા માટે એ મહાન - જીવાત્માની અત્યંત્ય ભક્તિ-ભાવથી ઉપકારી ભાવથી વંદનાં કરે છે. અને એ વંદનામાં જ એ મહાત્માની જ્ઞાન પ્રભાવનાં રહેલી છે. એવાં મહાન જીવાત્માની અત્યંત્ય ભક્તિ-ભાવે કોટી-કોટી વંદનાં એ વંદનાં.***

**- સંતોપાસક સંતસંગીઓ**
તથા **ત્રીકમલાલ ત્રીભોવનદાસ શાહ સહપરિવાર** (પાળીયાદવાળા)

*વિરહનો આનંદ - વેદનાનો આનંદ - આનંદનાં આનંદનું વેદન*